### ગાંભોઈ સિવિલનો ખાડે ગયેલો વહીવટ, કોરોના ટેસ્ટ અને રસીકરણ માટે

# દર્દીઓને હાલાકી, જવાબદાર તબીબો સામે તપાસ કરવા રજૂઆત

ગાંભોઈ, તા.૧૦

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ગામે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કોરોના સંક્રમિત દર્દીઓ જરૂરી તબીબી સેવા અને કોરોના ટેસ્ટ તેમજ રસીકરણની સુવિધા અંગે દર્દીઓને ભારે હાલાકી પડતા ગાંભોઈ પંથકના જાગૃત નાગરિકોએ રાજ્યના આરોગ્ય કમિશનર સમક્ષ લેખિત રજૂઆત કરી છે.

ગ્રામજનોએ કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે ગાંભોઈ સિવિલમાં કોરોના સંક્રમિત દર્દીઓને જરૂરી રેપીડ ટેસ્ટ, આરટી પીસીઆર ટેસ્ટ અને કોરોના વિરોધી રસીની તબીબી સુવિધા મેળવવામાં આરોગ્ય કેન્દ્રનાં તબીબ સ્ટાફ તરફથી તબીબી માર્ગદર્શન કે તબીબી સેવા ન મળતા ગાંભોઈ પંથકના ગ્રામ્ય વિસ્તાર કોરોના સંક્રમિત દર્દીઓને તાત્કાલીક સારવાર માટે છેક હિંમતનગર સુધી ખાનગી દવાખાનામાં ઊંચા ખર્ચે સારવાર લેવાની ફરજ પડે છે. સ્થાનિક ગાંભોઈ સિવિલ હોવા છતાં કોરોના દર્દીઓને અન્યત્ર સારવાર માટે રઝળપાટ કરવામાં ગાંભોઈ ગ્રામ્ય વિસ્તારોમાં ૪૦થી વધુ દર્દીઓના મોત થયા છે. ગાંભોઈ સિવિલ હોવા છતાં કોરોના ટેસ્ટ અને રસીકરણ માટે ગ્રામ્ય જનતા ૨૫ કી.મી દુર અસહ્ય ગરમીમાં જવાની ફરજ પડી છે ત્યારે ગાંભોઈ સિવિલમાં ફરજ બજાવતા મેડિકલ તબીબ ડૉ.નિલેશ ખત્રીને આ અંગે પૂછતા તેઓએ સરકાર તરફથી રસીકરણ અંગે કોઈ અમને માહિતી નથી અને અમને દર્દીઓને જવાબ




આપવાનો સમય પણ નથી તેવું જણાવ્યું હતું. એક તરફ કોરોનાનો કહેર છે ત્યારે બીજી બાજુ હોસ્પિટલમાં તબીબો દર્દીઓને ઉડાઉ જવાબ આપી આરામ ફરમાવી રહ્યા છે.

એક તરફ ગાંભોઈ સિવિલ સ્ટાફની આપખુદશાહી અને બેદરકારીના કારણે ગાંભોઈ ગ્રામ્ય વિસ્તારમાં જરૂરી તબીબી સેવા અને રસીકરણનો કાર્યક્રમ કરવામાં જવાબદાર સ્ટાફની આળસના કારણે ગાંભોઈ વિસ્તારમાં અનેક કોરોના સંક્રમિત દર્દીઓ મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. એક જ સ્થળે વર્ષોથી ચિટકી રહી આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા મુખ્ય બે તબીબી મેડિકલ ઓફિસરની અને જવાબદાર અન્ય આરોગ્ય કર્મીઓની તત્કાળ અન્યત્ર ખસેડવા અને સિવિલમાં ક્વાર્ટર હોવા છતાં પોતાના વતનથી ગાંભોઈ આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવવા અપડાઉન કરતા આરોગ્ય કર્મીઓની તપાસ કરી કોરોના સંક્રમણની મહામારીના સમયમાં બેદરકારી દાખવતા સ્ટાફ સામે કડક પગલાં ભરવા ગાંભોઈ વિસ્તારના જાગૃત નાગરિકોએ રાજ્યના આરોગ્ય કમિશનરને લેખિત રજૂઆત કરી હોવાનું જાણવા મળેલ છે.

## વાત્રક સ્મશાન ગૃહમાં સફાઈ અભિયાન, એક મહિનામાં ૧૩૫ થી વધુ મૃતદેહના અગ્નિ સંસ્કાર

### અગ્નિદાહ માટે મફત લાકડાંની સેવા અવિરત ચાલુ

બાયડ તા.૧૩

વાત્રક સ્મશાન ગૃહમાં અસંખ્ય મૃતદેહના અગ્નિ સંસ્કાર કરાય છે પરંતુ સફાઈ થતી ન હતી જેના કારણે અસ્થિઓના ઢગ ખડકાયા હતા. જેથી કેટલાક સેવાભાવિઓ દ્વારા સવાર થી વાત્રક સ્મશાન ગૃહમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું. ૧ મહિનામાં ૧૩૫ થી વધુ મૃતદેહના અગ્નિ સંસ્કાર થયાની સંભાવના છે. અગ્નિદાહ માટે મફત લાકડાંની સેવા અવિરત ચાલુ છે.



કોરોનાગ્રસ્ત દર્દીને અનેક સેવાભાવિઓ દ્વારા મફત ટીફીન સેવા ઉપરાંત સવારે ચા-નાસ્તાની સેવા પણ આપવામાં આવે છે. પરંતુ કોરોનાગ્રસ્ત દર્દીનું મોત નિપજે એટલે અંતિમધામમાં મૃતદેહને લઈ જવાનો હોય ત્યારે સબંધીઓ પણ દૂર જઈને ઉભા રહેતા હોય છે. આવા સંજોગોમાં હોસ્પિટલનો સ્ટાફ કાં તો કેટલાક સેવાભાવિઓ પી.પી.ઈ. કીટ પહેરી મૃતકનો મલાજો જળવાય તે રીતે અગ્નિ સંસ્કારની ધાર્મિક વિધિ પૂર્ણ કરતા હોય છે. પાછલા ૧ મહિનામાં વાત્રક સરકારી કોવિડ હોસ્પિટલ ઉપરાંત ખાનગી કોવિડ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત અને અન્ય રોગથી પીડીત અનેક લોકોના મોત નિપજ્યા છે. ચેપગ્રસ્ત દર્દીના મૃતદેહને ઘરે લઈ જવાતો નથી અને સીધા જ અંતિમ ધામમાં લઈ જવામાં આવે છે જેથી કોરોનાનું સંક્રમણ અટકાવી શકાય. પાછલા એક પખવાડીયામાં એવાં કરૂણ દ્રશ્યો જોવા મળ્યાં કે ઘરના મોભીનું મોત થયું હોય પરંતુ અંતિમ દર્શન માટે પરિવારના સભ્યો જ હાજર રહી શક્યા ન હોય. આવા તમામ મૃતદેહોના અગ્નિ સંસ્કાર વાત્રક સ્મશાન ગૃહમાં કરવામાં આવ્યા. સતત મૃતદેહ આવતા હોવાથી સ્મશાન ગૃહ ધગધગતું રહ્યું અને પરિણામ એ આવ્યું કે તમામ સઘળીઓ આસપાસ મૃતકોના અસ્થિઓ અને રાખનો ઢગ ખડકાયો છેવટે કોઈ સેવાભાવિને વિચાર આવ્યો કે દરરોજ ૧ થી ૨ કલાકના અંતરે મૃતદેહ આવી રહ્યા છે આ સંજોગોમાં અનેક સ્વજનો પોતાના સ્વજનનાં અસ્થિ પણ મેળવી શક્તા નથી જેથી સફાઈ જરૂરી છે અને હાથ ધરાયું સફાઈ અભિયાન. ટીફીન સહિત અન્ય સેવાઓ કરતાં પણ વાત્રક સ્મશાન ગૃહની સફાઈ અભિયાન કરનારાઓને સલામ કરવી જોઈએ.

## અખાત્રીજ : ઉત્તર ગુજરાતમાં આજે વણજોયું મુહર્ત ઝવેરી બજારને ફળશે..??

### બાળ લગ્નો ઉપર તંત્રની નજર : ખેડૂતો હળોતરા કરી ખેતી મુહર્ત સાચવશે, કોરોનાના કારણે ધંધા બંધ હોવાથી ઝવેરીઓ મૂંઝાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

અખાત્રીજ એટલે આખો દિવસ શુભ મુહર્ત. આજે તા.૧૪ મે.ના રોજ અખાત્રીજ છે ખેડૂતો હળોતરાં કરીને ખેતીનાં મુહર્ત સાચવશે. જ્યારે ઝવેરી બજારને અખાત્રીજનું વણજોયું મુહર્ત ફળશે કે કેમ..?? ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં આંશિક અને સ્વયંભૂ લૉકડાઉનનો અમલ ચાલી રહ્યો છે આ સંજોગોમાં ઝવેરી બજારને અખાત્રીજનું મુહર્ત લાભદાયી રહેશે તે કહેવું મુશ્કેલ છે. પરંતુ કેટલાક સમાજમાં અખાત્રીજના દિવસે સમૂહ લગ્નોત્સવ યોજવાની પરંપરા છે. જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા અખાત્રીજના દિવસે બાળલગ્નો ન યોજાય તે જોવા તાકીદ કરવામાં આવી છે તેમ છતાં પાછલા બારણે અનેક બાળલગ્નો યોજાવવાની પણ સંભાવના છે. પરંતુ વિભાગ તેના ઉપર લાંબા સમયથી ઢાંકપીછોડ કરી રહ્યું છે તે પણ સ્વીકારવું પડશે.

હિન્દુ શાસ્ત્રોમાં અખાત્રીજના દિવસે અત્યંત શુભ માનવામાં આવે છે. આ દિવસે કાળ ચોઘડીયામાં પણ કરાયેલું કાર્ય શુભ માનવામાં આવે છે. કોરોનાની મહામારી વચ્ચે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં લગ્નસરાની સીઝન ઠપ્પ છે. તમામ ધંધા-રોજગાર પડી ભાંગ્યા જેવી હાલતમાં છે અનેક લોકોએ રોજગારી ગુમાવી છે તેમ છતાં



અખાત્રીજના દિવસે અનેક પરિવારો સોના-ચાંદીની ખરીદી કરી શુભ માંગલિક પ્રસંગો માટે ધાતુ એકત્ર કરે છે. અખાત્રીજના દિવસે લગ્ન, દુકાન, મકાન, વાહન ખરીદી પણ થતી હોય છે પરંતુ આ વર્ષે કોરોનાએ તમામ ધંધા ચોપાટ કર્યા છતાં ખાસ કરીને ઝવેરી બજારને અખાત્રીજનો દિવસ બુસ્ટરડોઝ આપનારો દિવસ બની રહે તેવી આશા રાખી છે. જ્યોતિષીઓના મતે અખાત્રીજની તિથિ શુક્ર અને શનિવાર બે દિવસ છે. પરંતુ શનિવારે ત્રીજ સવારે ૮-૦૦ વાગ્યા સુધી છે જેના કારણે ઉત્તર ગુજરાતમાં શુક્રવારે અખાત્રીજની ઉજવણી થશે.

## ગુજરાત યુવા મોરચા પ્રદેશ મંત્રી તરીકે શૈલેષ નાયીની નિયુક્તિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રશાંત



કોરાટ દ્વારા સંગઠન ટીમની રચના કરવામાં આવી છે જેમાં અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના બોલુન્દ્રાના વતની અને હાલ નિકોલ-અમદાવાદ ખાતે નર્સિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલ શૈલેષ ગોવિંદભાઈ નાયીની નિયુક્તિ થતાં અરવલ્લી જિલ્લા ભાજપના કાર્યકરોમાં ખુશાલી છવાઈ હતી તેમની નિયુક્તિ બદલ અરવલ્લી જિલ્લા પ્રેસ મીડીયા કન્વિનર પ્રભુદાસભાઈ પટેલ સહિત ભાજપના કાર્યકરોએ અભિનંદન પાઠવ્યા હતા.

## ઉત્તર ગુજરાતમાં મ્યુકરમાઈકોસીસનો ચેપ વધુ પ્રસર્યો, ઓક્સિજનનાં ગંદાં સાધનો રોગ માટે જવાબદાર

### કોરોના સામે લડતા આરોગ્ય તંત્રને બે મોરચે લડવાની નોબત આવી, ડાયાબિટીસવાળા દર્દીઓ વધુ અસરગ્રસ્ત..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

કોરોના કરતાં હવે મ્યુકર માઈકોસીસ રોગચાળો ઉત્તર ગુજરાતમાં વધુ નામચીન થઈ રહ્યો છે. કોરોનાને હરાવ્યા પછી દર્દીને ડાયાબીટીશ હોય અને ઓક્સિજનનાં ગંદાં સાધનોના કારણે ચેપ લાગવાની સંભાવના વધુ હોવાનું તારણ બહાર આવ્યું છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ૬૦ થી વધુ મ્યુકર માઈકોસીસના કેસ હોવાની આશંકા છે. આવનારા દિવસોમાં આરોગ્ય તંત્રની નવા રોગ સામે અગ્નિ પરીક્ષા નક્કી છે.

તમારા કોઈ નજીકના સગાને કોરોનાને હરાવ્યા પછી મ્યુકર માઈકોસીસનો ચેપ લાગ્યો છે તો સાવધાન થઈ જજો. કારણ કે રેમડેસિવિર ઈન્જેક્શનની જેમ જ મ્યુકર માઈકોસીસના રોગને અંકુશમાં લેવા માટે એમ્ફોથેરાસીન-બી. ઈન્જેક્શનની માંગમાં ઉછાળો આવ્યો છે. કાળા બજાર પણ શરૂ થઈ ગયું છે. આવા દર્દના રોગીને ક્ષતિગ્રસ્ત થયેલા અંગોને દૂર કર્યા પછી ૪૫ દિવસમાં ૧૮૦ ઈન્જેક્શન દર્દીને આપવાં પડતાં હોય છે તેના ઉપરથી જ રોગની ભયાનકતા સમજવાની જરૂર છે. ડૉક્ટરો દ્વારા યોગ્ય ધ્યાન રાખવામાં ન આવે તો દર્દીની કિડનીને નુક્સાન પહોંચી શકે છે તથા આંખ, નાક, કાન, કિડની અને મગજ ઉપર પણ ડૉક્ટરોએ સતત ધ્યાન રાખવાનું હોય છે. પરંતુ આ રોગ થવા પાછળનું કારણ શું..?? જેમાં બહાર આવેલી જાણકારી અનુસાર જે દર્દીને ડાયાબીટીશ હોય તેવા કોરોનાગ્રસ્ત દર્દીનો ચેપ લાગવાની શક્યતા સૌથી વધુ છે અને તેમાં પણ ઓક્સિજનનાં ગંદાં સાધનો આ રોગ માટે જવાબદાર છે. માસ્ક, કોન્સેન્ટર પાઈપ, ઓક્સિજન બોટલની યોગ્ય સફાઈ વગર તાબડતોબ અન્ય દર્દીને આપવામાં આવે એટલે ઓક્સિજનનાં સાધનો ગંદાં થઈ જાય છે અને તેના કારણે માઈકોસીસનો ચેપ વધુ પ્રસર્યો છે. દર્દીને દિવસમાં ૫ થી વધુ ઈન્જેક્શન આપવામાં આવે તો સાજો થવાની શક્યતા વધારે છે પરંતુ દર્દીની કિડનીને ગંભીર નુક્સાન થવાની સંભાવના વધુ છે.

## બાયડનો સુજલ ભાટીયા ઓનલાઈન અંગ્રેજી ક્વિઝ સ્પર્ધામાં ઝળક્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

જી.એલ.એસ. યુનિવર્સિટી અમદાવાદ દ્વારા



છાત્રોમાં રહેલા ટેલેન્ટને બહાર લાવવા માટે સમયાંતરે ક્વિઝ સ્પર્ધાઓનું આયોજન કરાય છે. તાજેતરમાં ઓનલાઈન અંગ્રેજી ક્વિઝ સ્પર્ધા યોજાઈ ગઈ જેમાં બાયડના સુજલ શૈલેષકુમાર ભાટીયાએ ભાગ લઈ ક્વિઝ સ્પર્ધામાં ઉત્તમ દેખાવ કરતાં પ્રમાણપત્ર આપી જી.એલ. એસ.ના ડાયરેક્ટર ડૉ.અવની શાહ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## ગાબટના પુંસરી-ભાઈપુરા તળાવને ઉંડુ કરવાની કામગીરી શરૂ

### ગાબટ ગામની અનેક સમસ્યાઓનો અંત આવશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

ગાબટના ઉંચા બજાર વિસ્તારમાં વરસાદી પાણીનો



ભરાવો થવાના કારણે ચોમાસા દરમ્યાન સ્થિતિ વણસતી હતી. આ અંગે અરવલ્લી જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ જીતુભાઈ રમણભાઈ પટેલ સમક્ષ થયેલી રજૂઆત પછી તાબડતોબ પુંસરી-ભાઈપુરા તળાવ ઉંડુ કરવાની કામગીરી શરૂ થઈ છે. તળાવ ઉંડુ કરવાની સાથે તેની માટી ખાડો પૂરવા માટે ઉપયોગમાં લેવાઈ રહી છે. આવનારા દિવસોમાં તળાવ ઉંડુ થશે અને વરસાદી પાણી ભરાયા પછી આસપાસના બોરકૂવા રીચાર્જ થશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કાળઝાળ ઉનાળો ચરમસીમાએ છે. સિંચાઈ વિભાગ દ્વારા તળાવો ઉંડા કરવા સહિતની કામગીરી શરૂ કરવામાં આવી છે અનેક સદસ્યોએ ગ્રામજનો અને ખેડૂતોને ઉપયોગી હોય તેવા લોક કલ્યાણના કાર્યો હાથ ઉપર લીધા છે. ગાબટ ગ્રામ પંચાયત બેઠકના સભ્ય અને જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ સમક્ષ ગાબટ ગામના અનેક યુવાનો દ્વારા ગાબટના ઉંચા બજારમાં આવેલા ખાણ ચોમાસા દરમ્યાન પાણી ભરાવવાના કારણે રોગચાળો નોંતરે છે જેથી પુંસરી-ભાઈપુરા તળાવ ઉંડુ કરવાની કામગીરી હાથ ઉપર લેવાય તો તેની માટી ઉંચા બજારમાં આવેલ ખાણમાં નાખી પુરણ થાય જેથી અનેક સમસ્યાઓનો એક સાથે અંત આવી જાય. આખરે રજૂઆત રંગ લાવતાં તાજેતરમાં જ તળાવ ઉંડુ કરવાની અને ખાણ પૂરવાની કામગીરી શરૂ થતાં ગ્રામ પંચાયતના પૂર્વ ઉપસરપંચ જીજ્ઞેશ પંડ્યા સહિત ખેડૂતોએ કારોબારી અધ્યક્ષનો આભાર માન્યો હતો.



બાયડ તાલુકામાં કોરોનાનું ગ્રહણ હાવિ છે ત્યારે સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના નેજા હેઠળ બાયડ તાલુકાના મહાદેવપુરા ગામમાં આયુર્વેદીક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તાલુકાના અનેક ગામોને આયુર્વેદીક ઉકાળા વિતરણમાં આવરી લેવામાં આવ્યા છે. બાયડ તાલુકા યુવક બોર્ડના સંયોજક મિતેષ પટેલે જણાવ્યું કે કોરોનાના કારણે સમગ્ર વિસ્તારમાં દહેશતનો માહોલ છે, મૃત્યુદર ઉંચકાયો છે જેથી કોરોના સામે રક્ષણ મેળવવા ઈમ્યુનિટી સીસ્ટમ વધારવી જરૂરી છે.

## સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ગામડાઓમાં કોરોનાનું ટેસ્ટીંગ મંથર ગતિએ

### ઘેર..ઘેર કોરોનાના કેસથી આરોગ્ય તંત્ર ફફડ્યું, પોઝિટિવ કેસ પણ દફતર ઉપર નોંધાતા નથી..!!

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૭૦૦ થી વધુ ગ્રામ પંચાયતોમાં કોરોનાનું ટેસ્ટીંગ મંથરગતિએ ચાલી રહ્યું છે. ઓછી કિટ આપવી, બે દિવસ પછી કિટ આપવી જેના કારણે કોરોનાના સાચા દર્દીઓનો આંક યોગ્ય સમયે બહાર આવતો નથી. ગામડાઓમાં તો સ્થિતિ એટલી હદે વણસી છે કે ઘેર..ઘેર કોરોનાના કેસથી ખુદ આરોગ્ય વિભાગ ફફડ્યું છે. ગામડાઓમાં નોંધાતા પોઝિટિવ કેસ બે દિવસ પછી પણ તાલુકા હેલ્થ ઓફીસના દફતર ઉપર નોંધાતા નથી જેનો મતબલ એ થયો કે રેપિડ ટેસ્ટ પછી પણ પોઝિટિવ આવતા દર્દીઓની નોંધ લેવામાં તંત્ર ઈરાદાપૂર્વક પાછી પાની કરી રહ્યું છે.

જિલ્લાની ૨૬ લાખની માનવ વસતીમાં શરૂઆતમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહીક આરોગ્ય કેન્દ્ર અને સરકારી રેફરલ હોસ્પિટલમાં એન્ટિજન ટેસ્ટ કિટ દ્વારા કોરોના ટેસ્ટ હાથ ધરવામાં આવ્યા પરંતુ તે સમયે અનેક લોકો કોરોના ટેસ્ટથી ડરતા હોવાથી તંત્રને કોઈ સમસ્યા આવી ન હતી પરંતુ જેમ જેમ કોરોનાના કેસની ગતિ વધુ, મૃત્યુદર ઉંચકાયો જેના કારણે વેક્સિનેશન માટે સેન્ટરો ઉપર ભીડ જામવા લાગી છે. ત્યારે સરકારે પણ ટેસ્ટીંગ ઝડપથી કરવા વિભાગને સૂચના આપ્યા પછી જિલ્લાના મોડાસા, હિંમતનગર, ઈડર, તલોદ, પ્રાંતિજ, બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, ભિલોડા, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, વડાલી તાલુકાના કુલ-૧૭૦૦ થી વધુ ગામડાઓમાં કોરોનાનું ટેસ્ટીંગ શરૂ કરવામાં આવ્યું. એકાએક ટેસ્ટીંગમાં ભીડ વધી જેથી અનેક દિવસો સુધી સરકારી દવાખાનામાં ટેસ્ટીંગ કિટ ખૂટી પડતાં ધોમધખતા તાપમાં લાઈનમાં ઉભા રહેલા લોકો કિટના અભાવે રોષે ભરાયા. કિટની અછત છતાં સાબરકાંઠા, અરવલ્લીમાં છેલ્લા ૩ દિવસથી સરેરાશ ૧૦૦થી વધુ કેસ નોંધાયા છે. પૂરતી એન્ટિજન ટેસ્ટ કિટ અપાય અને ટેસ્ટીંગ થાય તો ગામે ગામ અને ઘેર.. ઘેર કોરોના પોઝિટિવ કેસ હોવાની સંભાવના વ્યક્ત થઈ છે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**જાહેર નિવિદા નં. ૦૨ સને ૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, માલપુર રોડ, મોડાસા ફોન નં. ૦૨૭૭૪-૨૪૭૨૯૩ દ્વારા નીચેના કામના ટેન્ડર ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી માંગવામાં આવે છે. (૧) કામનું નામ : (૧) હાથમતી ડેમ આધારિત એસ.કે.-૪ ભાગ-૧ / અંતર્ગત ટાકાટુકા હેડવર્કસ આધારીત પાઈપ લાઈનના ચાર્જીંગ અને કમીશનીંગ કરવા કામ".હ્ઠ. દ્ધ. ૪૬૧૪૯૫ અંદાજીત કિંમત રકૃ. ૪૬૨૫૮૮૨.૭૨ છે. (૨) કોન્ટ્રાક્ટર માટેની પાત્રતા : (૧) 'ઈ-૧' વર્ગ અને (૩) ટેન્ડર ઓનલાઈન રજૂ કરવાની છેલ્લી તા. ૨૬/૫/૨૦૨૧ના રોજ સાંજના ૧૮.૦૦ કલાક સુધી ટેન્ડરી અંગેની વધુ માહિતી વેબસાઈટ www.gwssb.org, તથા http://gwssb.nprocure.com, www.statetenders.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. વિસ્તૃત વિગતો કચેરી સમય દરમિયાન ઉપરોક્ત કચેરી પાસેથી મેળવી શકાશે.

પીવાના પાણીની માટેની મુશ્કેલી અંગેની રજૂઆત ગ્રામીણ ક્ષેત્ર માટે બોર્ડની મુખ્ય કચેરીની હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર - ૧૯૧૬ ઉપર કરી શકાશે.

નામાનિ/હિંમત/૬૯/૨૦૨૧